# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૩/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / ૫૩૫૯ તા. 27 JUN 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
ધ માઈન બોકસાઈટ કંપની મોહસીન અબ્દુલ વહાબ બુખારી
સલાયા ગેઈટ,મોદી મીલ સામે,
જામ ખંભાળિયા
જી. :દેવભુમી દ્વારકા, પીનકોડ. :૩૬૨૧૩૦ મોબાઈલ : ૯૮૨૦૬૩૫૩૭૦

વિષય : અમારા નવા ઔધોગિક હેતુનાવીજજોડાણમાંવિલંબથી અંદાજપત્રક આપવા અંગે તેમજ અંદાજપત્રક ભરપાઈ થયા બાદ વિલંબથી લાઈન કામ થવા અંગે.

સંદર્ભ : ધ માઈન બોકસાઈટ કંપની મોહસીન અબ્દુલ વહાબ બુખારી ની રજુઆત તારીખ: ૧૪.૦૪.૨૦૨૨

(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૦૩/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, દેવભુમી દ્વારકા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ભાટીયા

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com



CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/003/ફ્વા-૦૧/૨૦૨૨-૨૩/4359 તા.. 27·6·22

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – 003/ફ્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી ધ માઈન બોકસાઈટ કંપની, મોહસીન અબ્દુલ વહાબ બુખારી ગામ – જામ ખંભાળિયા

સબડીવીઝન: ભાટીયા

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી દેવભુમી દ્વારકા

:: ફોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી એન.આઈ.ઉપાધ્યાય |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: મંગળવાર (૨૪-૦૫-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૪-૦૫-૨૦૨૨ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા. જેમાં અરજદાર શ્રી ના પ્રતિનિધિ તરીકે અરુણભાઈ વેણીલાલ ત્રીવેદી હાજર રહેલ.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમોએ રાણ ગ્રામ પંચાયતની હદમાં સર્વે નં. ૩૩૩ પૈકી ૧, પ્લોટ નં. ૧ પૈકી અને ૨ માં ૬૦ કિ.વો. નું ઔદ્યોગીક હેતુનુ વિજ જોડાણ મેળવવા માટે પીજીવીસીએલ ભાટીયા સબ ડિવી. માં એસ.આર. નં. ૧૪૪૨૬૭૭૯ અન્વયે રજીસ્ટ્રેશન ચાર્જ રૂા. રૂા. ૪૭૨/- રસીદ નં. ૪૯૧૭૫૮ તા. ૧-૧૨ ૨૦૨૧ થી ભરપાઈ કરી અરજી કરેલ. અમારા કોઈ પણ જાતના વાંક ગુન્હા વિના અંદાજપત્રક આપવામાં વિલંબ કરવામાં આવેલ અને અરજી કર્યાના ૪૧




Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

દિવસ બાદ રૂા. ૨,૫૨,૮૨૮/- નું અંદાજપત્રકતા. ૧૧-૦૧-૨૦૨૨ નારોજ આઉટવર્ડ કરવામાં આવેલ પરંતુ અમોને રજી. પોસ્ટથી આપવામાં આવેલ નહિં કે ટેલીફોનીક જાણ પણ કરવામાં આવેલ નહિં. આ અંદાજપત્રક અમોએ તા. ૧૭-૦૧-૨૦૨૨ના રોજ ભાટીયા પીજીવીસીએલ કચેરીમાં રૂબરૂ તપાસ કરતા આપવામાં આવેલ અને રસીદનં. ૪૯૭૩૧૨/૧૩/૧૪ થી તા. ૧૭-૦૧-૨૦૨૨ના રોજ ભરપાઈ કરેલ.અમારા વિજ જોડાણ અંગેનું લાઈન કામ પણ નિર્ધારીત સમય મર્યાદામાં પુર્ણ કરવામાં આવેલ નહિં અને વિજ જોડાણનું અંદાજપત્રક ભર્યાના અંદાજે અઢી માસ કરતા વધુ સમય પછી લાઈન કામ પુર્ણ કરવામાં આવેલ અને તા. ૦૬-૦૪-૨૦૨૨ ના રોજ અમારા વિજ જોડાણનું મીટર લગાડી આપવામાં આવેલ.અમારૂ વિજ જોડાણ લગાવતા સમયે માત્ર કોન્ટ્રાકટરના માણસો જ મીટર લગાડવા આવેલ અને પીજીવીસીએલના કોઈ જવાબદાર અધિકારી સાથે હતા નહિં. કોન્ટ્રાકટરના માણસો દ્વારા એવુ જણાવવામાં આવેલ કે કેબલમાં લગાડવા માટેની લગ અમારી પાસે નથી તેથી તમારા વિજ જોડાણનો પાવર ચાલુ થાશે નહિં જે આજે તા. ૧૪-૦૪-૨૦૨૨ સુધી ચાલુ કરવાની તસ્દી ભાટીયા સબ ડિવીઝનના અધિકારીશ્રી દ્વારા લેવામાં આવેલ નથી. આ અંગે આજરોજ તા. ૧૪-૦૪-૨૦૨૨ના રોજ નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,ભાટીયાના મોબાઈલ નંબર ૯૯૨૫૨૧૬૦૬૩ પર વાત કરતા તેઓએ જુનીયર ઈજનેરશ્રી, પીજીવીસીએલ, ભાટીયાનો મોબાઈલ નંબર ૯૯૭૮૦૮૩૯૦૯ અમોને આપેલ અને તેમની સાથે વાત કરવા જણાવેલ. નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, ભાટીયા દ્વારા આપવામાં આવેલ મોબાઈલ નંબર પર અમોએ ત્રણ વખત સંપર્ક કરવાની કોશીશ કરેલ, પરંતુ સદર નંબવાળા અધિકારીશ્રીએ ફોન ઉપાડવાની તસ્દી લીધેલ નહિં. જી.ઈ.આર.સી. નોટીફીકેશન નંબર ૧૦/૨૦૦૫, પારા નંબર ૯.૩ (૧) મુજબ અમોને અમારી અરજી તારીખથી દિવસ ૧૦ માં અંદાજપત્રક મલી જાવું જોઈએ અને અંદાજપત્રક ભર્યાની તારીખથી ૬૦ દિવસની સમય મર્યાદામાં અમારૂ લાઈન કામ પુર્ણ થઈ વીજ જોડાણ ચાલુ થઈ જવું જોઈએ - જે અમારા વિજ જોડાણમાં વિલંબથી થયેલ છે. જી.ઈ.આર.સી. નોટીફીકેશન નંબર ૧૦/૨૦૦૫, પારા નંબર ૧૪.૧ (૧) મુજબ અંદાજપત્રક માં થયેલ વિલંબ માટે તેમજ અંદાજપત્રક ભરપાઈ કર્યા બાદ અમારૂ વિજ જોડાણ ચાલુ કરવામાં થયેલ વિલંબ માટે જી.ઈ.આર.સી.ના નિયમોનુસાર વળતર ચુકવવા યોગ્ય હુકમ કરવા આપ સાહેબને નમ્ર વિનંતી. આભાર સહ આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ધ માઈન બોકસાઇટ કંપની મોહસીન અબ્દુલ વહાબ બુખારી ના નવા ઔદ્યોગિક હેતુના વીજ જોડાણ મા વિલંબ થી અંદાજપત્રક આપવા અંગે તેમજ અંદાજપત્ર ભરપાઈ થયા બાદ વિલંબ થી લાઈન કામ થવા અંગેની ફરિયાદ નુ વિગતવાર અહેવાલ સંદર્ભ પત્ર નં-૨ થી નાયબ ઈજનેર ભાટીયા અહેવાલ આ સાથે સામેલ છે જેમાં સદર ફરિયાદીનું નવા ઇન્ડસ્ટ્રીઅલ ૬૦kw વીજજોડાણ તા:૦૧-૧૨-૨૦૨૧ ના રોજ SR NO-14426779 થી રજીસ્ટર થયેલ અને કોઈપણ કારણોસર ભાટીયા પેટા વિભાગીય કચેરી દ્વારા સદર કનેકસન નો WORKFLOW E-URJA SYSTEM મા ૨૧-૧૨-૨૦૨૧ ના મોકલેલ જેના કારણે ક્વોટેશન આપવામા વિલંબ થેયલ તથા સદર પાર્ટી ક્વોટેશન તા:૧૭-૦૧-

૨૦૨૨ ના રોજ ભાટીયા પેટા વિભાગીય કચેરી ખાતે ભરપાઈ થયેલ તથા સદર કનેકસન ના કામમાં ૨૦૦ મીટર HT લાઈન તથા ૧૦૦ kva ટ્રાન્સફોર્મર ઉભું કરવાની કામગીરી હોય, થોડા ઘણા માલ સમાનની અછતના કારણે કામ મોડું પૂર્ણ થયેલ અને કામ પૂર્ણ થયે સદર કનેકસન તા:૦૬-૦૪-૨૦૨૨ ના રોજ સદર કનેકસન રિલીજ કરી આપવામાં આવેલ હતુ. વધુમાં નાયબ ઈજનેર ભાટીયાનો વિગતવાર અહેવાલ આ સાથે સામેલ છે.

:: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી ની રજુઆત મુજબ પીજીવીસીએલ દ્વારા ઉપરોક્ત મુદ્દા નં. 3.0 મુજબ નવ (૯) દિવસ મોડુ કનેક્શન આપવામાં આવેલ છે જે સાબિત થાય છે. તદ ઉપરાંત આ વીજ જોડાણ નું મીટર લગાડ્યા બાદ આઠ દિવસ પછી પણ વીજ જોડાણ માં પાવર ચાલુ કરવામાં આવેલ ન હઓ તે પીજીવીસીએલ ની બેદરકારી તેમજ અક્ષમ્ય વિલંબ કરેલ હોવાનું સાબિત થાય છે. અને અરજદાર ની રજૂઆત માં તથ્ય હોવાનું ફોરમ નું તારણ છે.

૪.૨ સદર બાબતે પીજીવીસીએલ ના અધિકારી ને આથી તાકીદ કરવામાં આવે છે કે આ બાબતે કસુરવાર સામે ધોરણસર ની કાર્યવાહી કરવા તેમજ આવી ઘટનાઓ નું પુનરાવર્તન ન થાય તે માટે જરૂરી પગલાં લેવા અનુરોધ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી એન.આઈ.ઉપાધ્યાય | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh